ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

---

**વિવાદીઃ–** શ્રી ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકી
**પ્રતિવાદીઃ–** ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, હાઈડ્રોલિક વિભાગ, સુરત મહાનગરપાલિકા

**વિષયઃ**–આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અન્વયે સેન્ટ્રલ ઝોન કચેરીના પત્ર નં.સીસીસી/સી.ઝોન/આ/૧૪૨૧, તા.૨૦–૨–૧૪ થી કરેલ અપીલ અરજી. જે અત્રેના ખાતાને તા.૨૧/૨/૧૪,ઈનવર્ડ નં.એચઈડી/ઈન/૬૯ થી મળેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રી ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકીની તા.૩/૧૨/૧૩, આઈ.ડી. નં.૧૭૫૩ ની મુળ અરજી.
(૨) ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના તા.૨૭/૧/૧૪ના પત્ર ક્રમાકઃ એચઈડી/આ/૪૪૬૩, તા.૨૭/૦૧/૨૦૧૪.
(૩) અરજદારશ્રીએ શ્રી એન.જી.પારેખ, હાઈડ્રોલિક ઈજનેરશ્રીને સંબોધીને કરેલ તા.૨૦–૨ – ૧૪ ની પ્રથમ અપીલ અરજી ઈનવર્ડ નં.એચઈડી/ઈન/૬૯, તા.૨૧/૦૨/૨૦૧૪.
(૪) અત્રેની કચેરીનો પત્ર ક્રમાકઃ એચઈડી/આ/૫૦૮૫, તા.૦૫/૦૩/૨૦૧૪.

અરજદાર શ્રી ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકીની ઉપરોકત સંદર્ભ(૧) હેઠળની માહિતી માંગતી તા.૩/૧૨/૧૩ ની આર.ટી.આઈ.હેઠળની અરજી હાઈડ્રોલિક ખાતાને તા.૯–૧૨–૧૩ ના રોજ મળેલ. ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ(૨) હેઠળના પત્રથી અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ. જે માહિતી/જવાબથી નારાજ થઈ અરજદારે સંદર્ભ(૩) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારની પ્રથમ અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૦/૦૩/૧૪ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.
**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"નમુના–ઘ પત્રમાં એચઈડી/આઉટ વર્ડ નં.૪૪૬૩ થી આપવામાં આવેલ માહિતી અધુરી,અસંતોષકારક હોય તેમજ સમય વિતિ ગયા પછી આપવામાં આવેલ"

તા.૧૦–૩–૧૩ ના રોજ અરજદાર શ્રી ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકી અને જાહેર માહિતી અધિકારી અપીલ અધિકારી સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**(૨)**

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

ગોપીતળાવમાં વોટર પ્લાન્ટ બનાવવાના પ્રોજેકટ અંગેની કાર્યવાહી હાઈડ્રોલિક ખાતા મારફત કરવામાં આવતી ન હોય તે પ્રોજેકટને લગતી કોઈ માહિતી અત્રેના કાર્યક્ષેત્રના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. વધુમાં, રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદાર ધ્વારા ગોપીતળાવના રીડેવલપમેન્ટના કામે થયેલ ઝુંપડાઓના ડીમોલીશનને લગતી માહિતી તથા અન્ય સંલગ્ન માહિતીની માંગણી કરેલ. જે અન્વયે અત્રેથી સદર માહિતી સેન્ટ્રલ ઝોન કચેરીમાંથી મળી શકશે તે મુજબની સમજ આપવામાં આવેલ.

**<u>હુકમઃ–</u>**

આર.ટી.આઈ.–૨૦૦૫ ની કલમ–૧૨(૧) હેઠળની અપીલ અરજી અન્વયે અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સુનાવણી દરમ્યાન રૂબરૂમાં જરૂરી સમજ આપેલ હોય અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને**
**હાઈડ્રોલિક ઈજનેર,**
**સુરત મહાનગરપાલિકા**

ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

**વિવાદીઃ–** શ્રી સોમાભાઈ એ. પટેલ(બેન્સાવાલા)
**પ્રતિવાદીઃ–** ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, હાઈડ્રોલિક વિભાગ, સુરત મહાનગરપાલિકા

**વિષયઃ**–આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અન્વયે મે.કમિશ્નરશ્રીને કરેલ અપીલ અરજી જે મધ્યસ્થ કચેરી મારફત તા.૨૦/૦૧/૧૪, ઈનવર્ડ નં.ડી/૯૭૦૯ થી નોંધાયેલ. જે અત્રેના ખાતાને તા.૨૮/૧/૧૪, ઈનવર્ડ નં.એચઈડી/ઈન/૫૫ થી મળેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–**
(૧) આપશ્રીની ઈનવર્ડ/૩૭૫૩, તા.૧૧/૧૨/૧૩ ની મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મળેલ નમુના–'ક' મુજબની અરજી. (આઈ.ડી. નં.૪૬૨, તા.૧૦/૧૨/૧૩)
(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાકઃ એચઈડી/આ/૩૯૨૯, તા.૦૨/૦૧/૨૦૧૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર ક્રમાકઃ એચઈડી/આ/૩૯૯૨, તા.૦૨/૦૧/૨૦૧૪.
(૪) આપશ્રીની ઈનવર્ડ નં.એચઈડી/ઈન/૫૫, તા.૨૮/૦૧/૨૦૧૪ થી મળેલ અપીલ અરજી.
(૫) અત્રેની કચેરીનો પત્ર ક્રમાકઃ એચઈડી/આ/૪૫૮૩, તા.૦૩/૦૨/૨૦૧૪.
(૬) અત્રેની કચેરીનો પત્ર ક્રમાકઃ એચઈડી/આ/૪૮૪૦, તા.૧૯/૦૨/૨૦૧૪.
(૭) અત્રેની કચેરીનો પત્ર ક્રમાકઃ એચઈડી/આ/૪૯૮૩, તા.૨૮/૦૨/૨૦૧૪.

અરજદારશ્રી શ્રી સોમાભાઈ એ. પટેલ(બેન્સાવાલા)ની ઉપરોકત વિષય અન્વયેના સંદર્ભ(૧) હેઠળની માહિતી માંગતી અરજી તા.૧૧/૧૨/૧૩ ના રોજ હાઈડ્રોલિક ખાતાને મળેલ. ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ(૨) હેઠળના પત્રથી મુદ્દા નં.૧ ની અંશતઃ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી(કતારગામ ઝોન) ને તબદીલ કરેલ તેમજ ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રીએ સંદર્ભ(૩) હેઠળના પત્રથી અરજદારને જરૂરી માહિતી પાઠવેલ. જે માહિતી/જવાબથી નારાજ થઈ અરજદારે સંદર્ભ(૪) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારની પ્રથમ અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૧૧/૦૨/૧૪ ના રોજ સાંજે ૪–૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. અરજદાર અને જાહેર માહિતી અધિકારી અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહી મુદ્દાસર ચર્ચા–વિચારણા કરી આ બાબતે સ્થળ તપાસ કર્યા બાદ ફરી રૂબરૂ મળવા નકકી કરેલ. જે અન્વયે સંદર્ભ(૬) ના પત્રથી તા.૨૪/૦૨/૧૪ ના રોજ સાંજે ૪–૩૦ કલાકે હાજર રહેવા જણાવેલ પરંતુ અરજદાર હાજર રહેલ નહી. ન્યાય હિતમાં સંદર્ભ(૬) ના મુજબના પત્રથી ફરી તા.૬/૩/૧૪ ના ફરી સાંજે ૪–૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જણાવતાં, અરજદાર રૂબરૂ હાજર રહેલ.



**હુકમઃ–**

અરજદારને મુદ્દા નં.૧ થી ૬ ની પૂર્તતા કરેલ હોય તેમજ તા.૧૧/૨/૧૪ ની અપીલ સુનાવણી સંદર્ભે અરજદારને તા.૧૩/૨/૧૪ ના રોજ રૂબરૂ સ્થળ તપાસ કરાવવામાં આવેલ. જે દરમ્યાન અરજદારે કામગીરી બાબતે સંતોષ વ્યકત કરેલ છે. જેથી અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને**
**હાઈડ્રોલિક ઈજનેર,**
**સુરત મહાનગરપાલિકા**

ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

**અરજદાર :–** શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
**સામાવાળા :–** સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી

**વિષય :–** આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળ સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક ખાતામાં ફરજ બજાવતા શ્રી દિપક સોપારીવાલાની માંગવામાં આવેલ માહિતી બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી આઈ.ડી. નં.૫૫૮, તા.૦૭/૦૬/૧૩.
(૨) સેન્ટ્રલ ઝોન આર.ટી.આઈ. માંથી તબદીલ થઈને અત્રે મળેલ અરજી એચઈડી/ઈન/૧૭૨૧, તા.૧૧/૦૬/૧૩.
(૩) અત્રેના પત્ર એચઈડી/આઉટ/નં.૧૫૦૭, તા.૦૪/૦૭/૧૩ થી પાઠવેલ જવાબ.
(૪) અરજદારશ્રીની અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (હાઈડ્રોલિક વિભાગ)ને ઉદ્દેશીને કરેલ પ્રથમ અપીલ અરજી નં.૧૭૨, તા.૦૩/૦૮/૧૩.
(૫) અપીલ અધિકારી સમક્ષ હાજર રહેવા બાબત અત્રેનો પત્ર નં.એચઈડી/આઉટ/નં.૨૨૬૭, તા.૨૨/૦૮/૧૩.
(૬) અત્રેનો પ્રથમ આપીલ હુકમ નં. SMC/HED/OUT/2475, તા.૧૭/૦૯/૧૩.
(૭) અરજદારશ્રી ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, ગાંધીનગરની બીજી અપીલ નં. અ–૬૦૬૨–૨૦૧૩, તા.૨૩/૦૯/૧૩.
(૮) અપીલ અધિકારી સમક્ષ હાજર રહેવા બાબત અત્રેનો પત્ર નં.એચઈડી/આઉટ/નં.૩૨૨૯, તા.૧૧/૧૧/૧૩.

અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની ઉપરોકત સંદર્ભ(૧) હેઠળથી માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોનમાંથી તબદીલ થઈને અત્રેના વિભાગને એચઈડી/ઈન/૧૭૨૧, તા.૧૧/૦૬/૧૩ ના રોજ મળેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (હાઈડ્રોલિક વિભાગ) ના પત્ર નં.એચઈડી/આઉટ/૧૫૦૭, તા.૦૪/૦૭/૧૩ થી મુદા નં.(૧) થી (૪) ની માહીતીનો પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ. આ માહિતીથી નારાજ થઈ સંદર્ભ(૪) ના પત્રથી અરજદારે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (હાઈડ્રોલિક વિભાગ)ને ઉદ્દેશીને અપીલ અરજી નં.૧૭૨, તા.૦૩/૦૮/૧૩, જે અત્રેના ઈનવર્ડ નં.૦૪, તા.૦૭/૦૮/૧૩ હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૩૧/૦૮/૧૩ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. પરંતુ, અરજદાર સુનાવણીના દિવસે હાજર ન રહેતા સંદર્ભ(૬) હેઠળના પત્રથી હુકમ કરવામાં આવેલ. આ હુકમથી નારાજ થઈ સંદર્ભ(૭) હેઠળના પત્રથી ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, ગાંધીનગરની બીજી અપીલ નં.–અ–૬૦૬૨– ૨૦૧૩, તા.૨૩/૦૯/૧૩ કરેલ છે. સંદર્ભ–(૭) હેઠળના આયોગના હુકમ મુજબ અરજદારને તા.૧૮/૧૧/૧૩ ના રોજ ફરી રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

આમ, તા.૩૧/૦૮/૧૩ તથા તા.૧૮/૧૧/૧૩ ના રોજ અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા સુનાવણી દરમ્યાન હાજર રહેલ નહી. પરંતુ, અરજદારે રસીદ નં.૧૯૧૯૧૩૭, તા.૧૭/૦૭/૧૩ ના રોજ રૂા.૨/– સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે ભરપાઈ કર્યાના પુરાવા મળેલ છે. જેથી અરજદારને તેની નકલ પુરી પાડવાની રહે.

અરજદારની મુળ અરજી, ગુજરાત માહિતી આયોગના હુકમ તેમજ ઉકત હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિર્ણય કરવામાં આવે છે.



**<u>હુકમ :–</u>**

અરજદારની તા.૭–૬–૧૩ ની અરજીના સંદર્ભે નકલ મેળવવા માટે રૂા.૨/– અન્ય કચેરીમાં ભરેલ હતા. જેની જાણ અત્રેના ખાતાને કરવામાં આવેલ ન હતી. તેમછતાં સંદર્ભ(૬) હેઠળના હુકમ સાથે માંગ્યા મુજબની માહિતી તા.૧૭/૦૯/૨૦૧૩ ના રોજ સાદર કરવામાં આવેલ. જેમાં રૂા.૨/– ની નકલનો સમાવેશ થયેલ છે. આમ, અરજદારને તમામ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે.

ગુજરાત માહિતી આયોગના હુકમ અન્વયે અરજદારને રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવામાં આવેલ. તેમછતાં બીજી વખતની સુનાવણીમાં પણ હાજર રહેલ ન હોય, આ અપીલ અરજી બાબતે હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**અપીલ અધિકારી અને**
**હાઈડ્રોલિક ઈજનેર,**
**સુરત મહાનગરપાલિકા.**

ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

**અરજદાર :–** શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
**સામાવાદ :–** સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી

**વિષય** :– આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળ સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક ખાતામાં ફરજ બજાવતા શ્રી દિપક સોપારીવાલાની માંગવામાં આવેલ માહિતી બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી આઈ.ડી. નં.૫૫૮, તા.૦૭/૦૬/૧૩.
(૨) સેન્ટ્રલ ઝોન આર.ટી.આઈ. માંથી તબદીલ થઈને અત્રે મળેલ અરજી એચઈડી/ઈન/૧૭૨૧, તા.૧૧/૦૬/૧૩.
(૩) અત્રેના પત્ર એચઈડી/આઉટ/નં.૧૫૦૭, તા.૦૪/૦૭/૧૩ થી પાઠવેલ જવાબ.
(૪) અરજદારશ્રીની અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (હાઈડ્રોલિક વિભાગ)ને ઉદેશીને કરેલ પ્રથમ અપીલ અરજી નં.૧૭૨, તા.૦૩/૦૮/૧૩.
(૫) અપીલ અધિકારી સમક્ષ હાજર રહેવા બાબત અત્રેનો પત્ર નં.એચઈડી/આઉટ/નં.૨૨૬૭, તા.૨૨/૦૮/૧૩.

અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંથારીયાની ઉપરોકત સંદર્ભ(૧) હેઠળથી માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોનમાંથી તબદીલ થઈને અત્રેના વિભાગને એચઈડી/ઈન/૧૭૨૧, તા.૧૧/૦૬/૧૩ ના રોજ મળેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (હાઈડ્રોલિક વિભાગ) ના પત્ર નં.એચઈડી/આઉટ/૧૫૦૭, તા.૦૪/૦૭/૧૩ થી મુદા નં.(૧) થી (૪) ની માહિતીનો પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ. સંદર્ભ(૪) થી અરજદારે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (હાઈડ્રોલિક વિભાગ)શ્રી ને ઉદેશીને અપીલ અરજી નં.૧૭૨, તા.૦૩/૦૮/૧૩ જે અત્રેના ઈનવર્ડ નં.૦૪, તા.૦૭/૦૮/૧૩ હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૩૧/૦૮/૧૩ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૩૧/૦૮/૧૩ ના રોજ અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંથારીયા સુનાવણી દરમ્યાન હાજર રહેલ નથી.

**હુકમ :–**

અરજદારે હુકમની નકલ મેળવવા માટે રૂા.૨/– જયાં ભર્યા તે ખાતા તેમજ અરજદાર ધ્વારા પણ પૈસા ભર્યાની કોઈ જાણ અત્રેના ખાતાને જાણ કરવામાં આવેલ ન હતી. અરજદારને હુકમની નકલ મોકલી આપવા. અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હોય, આ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**હાઈડ્રોલિક ઈજનેર,**
**સુરત મહાનગરપાલિકા.**

ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

**અરજદાર** :– શ્રી નાથુભાઈ ટપુભાઈ ઝાલા
**સામાવાળા** :– ડેપ્યુટી ઈજનેરશ્રી જે. ડી. રાવળ

**ફરીયાદની હકીકત** :–

**વિષય** :– આર.ટી.આઈ. એકટ હેઠળની અરજદારશ્રી નાથુભાઈ ટપુભાઈ ઝાલાની અરજી સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૨૨૩, તા.૦૩/૧૦/૧૨.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ અરજી નં.૩/૨૦૧૨, તા.૦૬/૧૨/૧૨.

અરજદારની આર.ટી.આઈ.ની તા.૦૩/૧૦/૧૨ ની અરજી અન્વયે પારલે પોઈન્ટથી ઘોડદોડ રોડ સરેલા વાડી સુધી ૪૫૦ મી.મી. વ્યાસની કા.આ. નળીકા નાંખવાનો વર્કઓર્ડર તા.૦૮/૧૦/૮૪ ના રોજ એચ.ઈ.ડી./૧૪૧૩ થી આપવામાં આવેલ હતો. જે કામ પૂર્ણ થયેલ હોવા છતાં હજુ સુધી ફાયનલ બીલ બનાવી ડીપોઝીટ છૂટી કરેલ નથી તો કયા કારણસર ફાયનલ બનાવેલ નથી ? તથા ડીપોઝીટ કેમ છૂટી કરેલ નથી ? તેની લેખિતમાં માહિતી માંગેલ છે. જે અંગે જણાવવાનું કે આપે માંગેલ માહિતી ૧૯૮૪ની સાલને લગતી હોઈ, તથા તે અંગેના તુમારો હાથવગા ન હોઈ, તુમારો/ દસ્તાવેજો શોધવાની પ્રક્રિયા ચાલુ છે જે ઉપલબ્ધ થયેથી આપશ્રીને વિગતે માહિતી આપી શકાશે તે મુજબ અત્રેથી એચઈડી/આઉટ/નં.૨૭૮૧, તા.૨૩/૧૦/૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ હતો. જેના અનુસંધાને તમોએ એપેલેટ ઓફિસરને તા.૦૩/૧૨/૧૨ ના રોજ અપીલ કરેલ હતી.

જે સંદર્ભે તમારી પ્રથમ અપીલ અરજી હાઈડ્રોલિક વિભાગને તા.૦૬/૧૨/૧૨ ના રોજ તબદીલ કરવામાં આપેલ હતી. જે અનુસંધાને તમોને તા.૨૧/૧૨/૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે અપીલ સત્તાધિકારી અને હાઈડ્રોલિક ઈજનેર સમક્ષ રૂબરૂ રજુઆત કરવા તમોને લેખિતમાં જાણ કરેલ. જે બાબતે તમોએ તા.૨૧/૧૨/૧૨ ના રોજ નીચે સહી કરનાર સમક્ષ હાજર રહી જે તે રજુઆત કરેલ. સદરહુ રજુઆત અન્વયે જણાવવાનું કે આપે માંગેલ માહિતી પ્રશ્નો પુછેલ હોય, માહિતીની વ્યાખ્યામાં આવતું નથી. તેમ છતાં આપની અરજી અંગેની વિગતો જોતા આ કામ ૧૯૮૪ની સાલનું હોઈ એટલે કે લગભગ ૨૮ વર્ષ પહેલાની બાબત હોય જેથી તે અંગેના તુમારો હાથવગા ન હોઈ સદર રેકર્ડ ઉપલબ્ધ થયેથી તમારી અરજી બાબતે જરૂરી કાર્યવાહી ખાતા ધ્વારા કરવામાં આવશે. જે જાણ થાય.

**હાઈડ્રોલિક ઈજનેર અને**
**એપેલેટ ઓફિસર,**
**સુરત મહાનગરપાલિકા.**